**એકમ–1**

# સાર્વજનિક ગ્રંથાલયો : ઉદ્ભવ અને વિકાસ
# PUBLIC LIBRARY : ORIGIN AND GROWTH

## : રૂપરેખા :


1.0 ઉદ્દેશો
1.1 પ્રસ્તાવના
1.2 પ્રાચીન ગ્રંથાલયો
 1.2.1 ગ્રીક અન રોમન સમયના ગ્રંથાલયો
1.3 સાર્વજનિક ગ્રંથાલયો અને સામાજિક પરિવર્તન
 1.3.1 ઉચ્ચ શિક્ષણ
 1.3.2 વૈજ્ઞાનિક સંશોધનને વેગ
 1.3.3 પ્રકાશન
1.4 પ્રારંભિક સાર્વજનિક ગ્રંથાલયો
 1.4.1 ખાનગી ગ્રંથાલયો
 1.4.2 દેવળ ગ્રંથાલયો
 1.4.3 સામાજિક અથવા લવાજમી ગ્રંથાલયો
1.5 ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોના ઉદ્ભવ અને વિકાસ
1.6 સ્વતંત્રતા પછી સાર્વજનિક ગ્રંથાલયનો વિકાસ
1.7 સારાંશ
1.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
1.9 ચાવીરૂપ શબ્દો
1.10 સંદર્ભો અને વિશેષ વાચન


## 1.0 ઉદ્દેશો (OBJECTIVES)

◆ **આ એકમના અધ્યયન બાદ તમે આ બાબતથી સક્ષમ બનશો.**

- પ્રાચીન સમયથી સાર્વજનિક ગ્રંથાલયોની વૃદ્ધિ જાણશો,
- ભારતમાં સાવજનિક ગ્રંથાલયોનો પ્રારંભ અને વૃદ્ધિ સમજી શકશો, અને
- ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસમાં સરકારની ભૂમિકાની કદર કરવી

## 1.1. પ્રસ્તાવના (INTRODUCTION)

મનુષ્ય એ પ્રાણી વિશ્વમાંથી જુદો પાડતી તેની યોગ્યતા તે વિચારવું અને પ્રત્યાયન છે. ફક્ત માનવજાતની તેની જીજ્ઞાસાથી જાણી તેની ધારણા અને વ્યવહારોપયોગિતાવાદથી જ્ઞાનનો ઉદય કરે છે. લખાણની શોધ થયા પહેલાં આપણું જ્ઞાન યાદદાસ્તાનમાં સમાયેલું હતું કે જેને આપણે "મૌખિક પ્રણાલી" કહેતા.

બ્રાહ્મણ કે જેઓ એક વેદના સંસ્કૃત શ્લોકો મોઢે કરતા અને મોટેથી બોલી શકતા જેઓ વેદી કહેવાતા, જેઓ બે વેદ મોઢે કરતાં તેઓ દ્વિવેદી તરીકે ઓળખાતા, જેઓ ત્રણ વેદ મોઢે કરતા તેઓ ત્રિવેદી તરીકે ઓળખાતા, અને જેઓ ચારેય વેદો બોલી શકતા તેઓ ચતુર્વેદી તરીકે ઓળખાતા.

ઈ.સ.પૂ. 1500 અને 2000 વચ્ચે વેદો સંસ્કૃતમાં ગ્રથસ્થ હતા જે વિશ્વમાં જૂના વખતના સાહિત્યમાં આબેહૂબ ટૂકડો હતો. ત્યારે દેવનાગરી લિપિની શોધ થઈ ન હતી. સિંધુ ખીણની લિપિ 3,300 વર્ષ પુરાણી છે જે ઉકેલી શકાતી નથી. જ્યારે વેદો યાદદાસ્તાન કરી શકાયા નથી, જેથી તે હંમેશ માટે ગુમાવ્યા છે. તે મૌખિક પ્રણાલી જ વેદને વિનાશમાંથી બચાવેલ છે.

એક વખત લેખન કળાનો વિકાસ થતા, માનવી તેના લખાણ જે કાંઈ લખાણના સાધનો હાથવગા થયા તેની ઉપર શરૂ કર્યું, જેવા કે માટીની તકતી, પેપાઈરસ, ચામડા, મેટલશીટ, કાપડ, પત્થર ઉપર

કોતરીને, પરંતુ તેમાં સાચો વળાંક ત્યારે જ આવ્યો કે જ્યારે કાગળની શોધ થઈ અને 15મી સદીમાં પ્રિન્ટીંગનો વિકાસ થયો.

## 1.2. પ્રાચીન ગ્રંથાલયો (ANCIENT LIBRARIES)

ઈ.પૂ. 480 થી 404 એ ગ્રીસનો સુવર્ણયુગ હતો કે જ્યારે 404 ઈ.પૂ.માં એથેન્સનો સ્પાર્ટા દ્વારા નાશ કરવામાં આવ્યો. આ સમયમાં વિશ્વના એ શ્રેષ્ઠ ફિલોસોફર અને ચિંતકો જેવા કે સોક્રેટીસ ઈ.પૂ. (469-399), પ્લેટો (ઈ.પૂ. 428-347) અને એરિસ્ટોટલ (ઈ.પૂ. 384-322). શ્રેષ્ઠ કળા (માનવ હસ્તક શિલ્પકળા, પેઈન્ટીંગ, જડાવકામ, હોડી કામ)નું અભિવાદન થયું.

### 1.2.1 ગ્રીક અને રોમન સમયના ગ્રંથાલયો (LIBRARIES IN GREEK AND ROMAN TIMES)

ગ્રીસના સાર્વજનિક ગ્રંથાલયનો ઉપયોગ ફક્ત તેના સ્થાપકો જ કરતા નહીં પરંતુ વિદ્વાનો, વિદ્યાર્થીઓ પાદરીઓ અને અધિકારીઓને સંગ્રહના ઉપયોગની મંજુરી તેમના માન્ય શિક્ષણ માટે આપવામાં આવતી હતી. ઈ.પૂ. સોળમી સદીના મધ્યભાગમાં એથેન્સ શહેરમાં પુસ્તકો સાથે વિશાળ ગ્રંથાલય લોકો મોટે ખુલ્લું મુકાયું.

જુલીયસ સીઝરને પેપાઈરસ ઉપર ગ્રીક અને લેટીનમાં લખેલ હસ્તલિખિત પુસ્તકો સાથેના વિશાળ રાષ્ટ્રીય અથવા સાર્વજનિક ગ્રંથાલય સ્થાપવાનો વિચાર આવ્યો. તેણે સી.એસીનીયસ પોલીઓને ગ્રંથાલયના વહીવટમાં મૂકવાની યોજના કરી. યોજના પૂર્ણ થતાં સુધીમાં સીઝરને કપટપૂર્વક મારી નાંખવામાં આવ્યો. જે બાદ તેના એક ઉત્તરાધિકારીને આ કામ સોંપવામાં આવ્યું, અને સીઝરની મૂળ યોજના પ્રમાણે ગ્રંથાલય ઈ.પૂ. 39માં ખુલ્લું મુકાયું.

ઈ.સ.ની 4થી સદીના અંતમાં રોમમાં 28 થી 30 નામાંકીત જાહેર ગ્રંથાલયો હતા. આ ગ્રંથાલયો આજના જાહેર ગ્રંથાલયો જેવા ન હતા પણ જેઓ ઈચ્છા રાખતા તે તેનો ઉપયોગ કરી શકતા હતા. તેમના માટે ઉપલબ્ધ હતા. આમ છતાં ઈમ્પિરીયલ સમયમાં શિક્ષિત લોકોની સંખ્યામાં વધારો થયો હતો. જેમાં રોમ અને મોટા શહેરોના પરગણામાં પુસ્તક વિક્રેતાઓ પણ હતા. પોતાના ઘરમાં પુસ્તકો રાખવા તે ફેશનેબલ બાબત ગણાતી હતી. પશ્ચિમમાં રોમન સામ્રાજ્યની પડતીની સાથે ગ્રંથાલયોની અને પુસ્તક પ્રકાશન અને પ્રાપ્તિની પડતી પણ થઈ.

## 1.3 સાર્વજનિક ગ્રંથાલયો અને સામાજિક પરિવર્તન (PUBLIC LIBRARIES AND SOCIAL CHANGE) :

સમગ્ર વિશ્વના ઈતિહાસના વિદ્યાર્થીઓ સાર્વજનિક ગ્રંથાલયની કર્તવ્યબદ્ધતા જાણે છે કે શક્ય તેટલું સામાજિક પરિવર્તન સાર્વજનિક ગ્રંથાલયની ઉપજ છે કે તેને પ્રોત્સાહન આપનાર છે. એક વખત સાર્વજનિક ગ્રંથાલયની સેવાઓ સ્થાઈ થઈ જાય અને વિશ્વ વ્યાપકતા થઈ જતા, તેની ભૂમિકા બદલાય છે, તે સામાજિક પરિવર્તનનું સાધન બને છે. બ્રિટીશ અનુભવ આ ઘટનાને પૃષ્ટિ આપે છે કે આધુનિક સાર્વજનિક ગ્રંથાલય બ્રિટીશ પડદા ઉપર તે પછી જ દેખાઈ જ્યારે દેશ વિકાસના ચોક્કસ તબક્કે પહોંચી સાર્વજનિક ગ્રંથાલયની વૃદ્ધિનું કારણભૂત બન્યો. આપણે નીચેની વિકાસની ચળવળની ગણના કરી શકીએ જે સાર્વજનિક ગ્રંથાલયના વિકાસની ચળવળનું સૂચક ચિહ્ન છે.

1. કાયદેસર પદ્ધતિ અને સંસદીય સરકાર ઊભી કરનાર ઈંગ્લેન્ડ પ્રથમ હતું કે જેણે દેશને મજબૂત અને સંયુક્ત રાષ્ટ્રત્વ નીચે પૂર્વગ્રહવિનાની રાજ્ય સત્તા આપી કે જે સત્તા હતી પણ કાયદો ન હતો.

2. તે આમ પણ પ્રથમ સંસદીય લોકશાહી બની જે કિલ્લાની આગવીનો પંચકોણી બુરજ હતી. જૂન 12, 1215 મા કિંગ જહોનને જબરજસ્તથી મેગ્ના કાર્ટા ઉપર સહી કરાવી પરંપરાગત રીતે માનવ હક્કની બાંહેધરી વિરુદ્ધ અતિશય બાદશાહી શક્તિનો ઉપયોગ દેખાયો. બ્રિટીશ સંસદ માતૃત્વની સંસદ તરીકે ઓળખાતી. 1925 પહેલાં તેની રચના થઈ હતી. ઈંગ્લેન્ડમાં 1642-52માં નાગરિક યુદ્ધ રાજાશાહી અને સાંસદો વચ્ચે થયું. પરિણામસ્વરૂપ સંસદનો વિજય થયો.

3. ઈ.સ. પૂ. 1100ના સમયમાં અંગ્રેજી ભાષાનો ઉદ્ભવ થયો, પુરાણી અંગ્રેજી કહેવાતી. જે મધ્યમ અંગ્રેજી અંદાજે 1500 થી અને આધુનિક અંગ્રેજી 1500 પહેલાની તેને અનુસરતી તે પુરાણી આધુનિક યુરોપીયન ભાષાઓમાંની છે અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વધારે વ્યાપક રીતે ઉપયોગ થાય છે. લેખિત કુલ ઉત્પાદનમાં અંગ્રેજી ભાષા યુરોપીયન ભાષાઓ કરતા વધારે છે.

4. ઈ.સ. 410માં અનાર્યો દ્વારા રોમની લૂંટફાટ થયા પછી ઈ.સ. 500 થી ઈ.સ. 1500 સુધી છેલ્લે 1000 વર્ષનો અંધકારયુગ યુરોપ ઉપર ઉતરી આવ્યો. આ સમય દરમ્યાન કોઈ સારા સમાચાર પ્રાપ્ત થતા નથી. ઈ.સ. 1500માં યુરોપ લાંબી ઊંઘ પછી મહેનતે ઉપર આવ્યું.

રેનીસન્સ દ્વારા તાત્કાલિક સ્ફૂર્તિ આવે એવું શિક્ષણ અને સામાજિક પરિવર્તનના ઉદ્દીપન તરીકેનું સાધન પૂરું પાડવામાં આવ્યું જે 14મી અને 17મી સદી વચ્ચે બન્યું.

અલબત્ત, શિક્ષણ અને સામાજિક પરિવર્તનમાં રેનીસનનો શિક્ષણનો ઉદ્દેશ, સંપૂર્ણ માનવ તૈયાર કરવાનો હતો. જે હ્યુમેનીટીઝ, મેથેમેટીક્સ અને સાયંસ (યુદ્ધમાં તેઓની અસરકારકતા સહિત) આર્ટ અને ક્રાફ્ટ, એથલેટીક્સ અને સ્પોર્ટ્સથી વાકેફ હોય, ભૌગોલિક જ્ઞાન અને શિક્ષણની હદ વધારવી; સંશયવાદ અને મુક્ત વિચારની વૃદ્ધિને ઉત્તેજન આપવું. ગ્રીક અને રોમન સાહિત્ય અને આર્ટસના શિક્ષણ અને અનુકરણને પણ તે ઉત્તેજન આપે છે. અરેબિક પ્રકાશનો અને મૂળભૂત બંનેમાંથી અનુવાદ કરેલા લખાણો વિશાળ પ્રમાણમાં રેનિસન દ્વારા નિર્માણ થયેલ છે.

5. 17મી સદીની શરૂઆતમાં યુરોપે દરિયા પાર વિસ્તરવાનું શરૂ કર્યું. 19મી સદીના મધ્યમાં યુરોપિયન શક્તિએ યુરોપ બહારના વિશ્વનાં 10 સિવાયના બધા દેશોનો કબજો મેળવી લીધો. પણ આ છિન્નભિન્ન કરવામાં આવ્યું. બ્રિટન એકલાએ બની શકે તેટલા 85 દેશો મેળવી લીધા હતા. તે દ્વારા વિશ્વમાં મહાન સત્તાનું નિર્માણ કરેલ છે કે જ્યાં સૂર્ય કદી આથમતો નથી.

6. 1750માં બ્રિટનમાં ઔદ્યોગિક ક્રાંતિ આવી. આ ક્રાંતિએ શહેરીકરણ, શિક્ષિતો અને આબાદ મધ્યમ વર્ગો, વચલો કામદાર વર્ગ અને ઉમરાવોના સમૂહનું સર્જન કર્યું. હાથપગ લાંબા કરી સૂઈ રહેનાર બ્રિટિશ સ્રામાજ્ય એ બ્રિટીશ ઉત્પાદકોને બહોળું અને સ્થિર બજાર પૂરું પાડ્યું અને બ્રિટિશ કારખાનાઓને કાચો માલ પૂરો પાડી મોદી તરીકે કામ કર્યું. જેણે દેશમાં મોટી સંપત્તિ લાવી આપી.

7. 1906માં સામાજિક સુધારણા કાર્યક્રમો શરૂ થયા, જેણે કામ કરનાર વર્ગની ઉપેક્ષાને બદલે સામાજિક દરજ્જામાં વધારો કર્યો.

8. 1870માં પ્રાથમિક શિક્ષણ કાયદો પસાર થયો હતો. જેમાં સિદ્ધાન્ત સ્વીકારાયો હતો કે પ્રાથમિક શાળાઓની સ્થાપનાની જવાબદારી રાજ્યની હતી.

અગાઉ તે ચર્ચ અને સ્વૈચ્છિક સંસ્થાઓ ઉપર છોડવામાં આવ્યું હતું. તેમ છતાં 1918 સુધી માધ્યમિક શિક્ષણ ફી લેતી માધ્યમિક શાળાઓ અથવા કહેવાતી સાર્વજનિક શાળાઓના હાથમાં છોડવામાં આવ્યું હતું. જ્યારે રાષ્ટ્રીય સાર્વજનિક શિક્ષણ પદ્ધતિ નીચે મુકી સાર્વજનિક શિક્ષણ બધાને માટે ઉપલબ્ધ બનાવ્યું. 1944ના શિક્ષણ કાયદા દ્વારા શિક્ષણ પદ્ધતિને નવેસરથી આકાર આપવામાં આવ્યો. શિક્ષણ મંત્રીને સત્તા આપવામાં આવી હતી કે શાળાના મકાનો, સાધનો અને લાયકાત ધરાવતા શિક્ષકોની શરતે શિક્ષણનું ઓછામાં ઓછું ધોરણ જળવાય તેનો અમલ કરવો. 1944ના સાર્વજનિક ગ્રંથાલય કાયદામાં સમાંતર જોગવાઈ કરવામાં આવી હતી. જેની ચર્ચા આપણે હમણાં કરીશું.

### 1.3.1 ઉચ્ચ શિક્ષણ (HIGHER EDUCATION)

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની જેમ ઉચ્ચ શિક્ષણ નિર્માણની શરૂઆતની જોગવાઈ પણ સ્વૈચ્છિક સંસ્થાઓની હતી. 1263 પહેલા બેલીઓલ યુનિવર્સિટી કોલેજની સ્થાપના થઈ. મેરેટોન કોલેજ 1264માં ઓક્સફર્ડમાં શરૂ થઈ જે, પછી તરત ઓક્સફર્ડ યુનિવર્સિટી ખોલવા તરફ લઈ ગઈ. 1233 કેમ્બ્રીજ યુનિવર્સિટી સ્થપાઈ. 19મી સદીમાં, શરૂ થતી નાગરિક યુનિવર્સિટીઓ, જેવી કે લંડન, માન્ચેસ્ટર અને બર્મીંગહામ જે ઓક્સફર્ડ યુનિવર્સિટીની સર્વોપરિતાને પડકારી. યુનિવર્સિટીઓને નાણાંકીય સહાય કેન્દ્ર સરકાર દ્વારા 1911માં સ્થાપાયેલ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન જેની પુનઃરચના 1920માં થઈ તેના દ્વારા મળવા લાગી. 1960 દરમ્યાન ઘણી નવી યુનિવર્સિટીઓ સ્થાપિત થઈ જે લોકપ્રિય 'રેડ બ્રિક યુનિવર્સિટી' તરીકે ઓળખાય છે. તેમાંની કેટલીક મજબુત વૈજ્ઞાનિક અને પ્રૌદ્યોગિક પૂર્વગ્રહ હતો.

### 1.3.2 વૈજ્ઞાનિક સંશોધનને વેગ : (IMPETUS TO SCIENTIFIC RESEARCH)

સત્તરમી અને અઢારમી સદીમાં ઈંગ્લેન્ડ તાજા વૈજ્ઞાનિક ફૂલોથી મજબૂત હતું. આ વર્ષો દરમ્યાન નવું મેળવવાના પરિણામ સ્વરૂપે વૈજ્ઞાનિક પૂછપરછમાં માનવ ઈતિહાસમાં સ્પષ્ટ મોટો વળાંક આવ્યો છે. 1662માં રોયલ સોસાયટીની લંડનમાં સ્થાપના થઈ હતી. 1687માં આઈઝેક ન્યુટનનું વૈજ્ઞાનિક ક્ષેત્રે

સંશોધનમાં પ્રદાન શરૂ થયું હતું અને 1704 સુધી ચાલુ રહ્યું હતું. બ્રિટીશ વૈજ્ઞાનિકોના બુદ્ધિમાન પુરુષો ખાસ કરીને બધા જ ક્ષેત્રમાં અગ્રેસર રહ્યા હતા. ઈ.સ. 1700 બાદ સંશોધન સંસ્થાઓ અને શૈક્ષણિક સંકૂલો સ્થપાયા હતા. સંખ્યાબંધ નોબેલ પ્રાઇઝ ઇનામો બ્રિટીશ વૈજ્ઞાનિકોએ જીત્યા હતા. 1750-1900 દરમ્યાન થયેલ શોધો પૈકી મોટા ભાગની બ્રિટનમાંથી બહાર આવી.

### 1.3.3 પ્રકાશન (PUBLISHING)

કોઈ વિશિષ્ટ ફેરફાર અને સામાજિક પરિવર્તન અસર-પરસ નજીક છે. અને એકબીજાને પ્રોત્સાહિત કરે છે તે ઇંગ્લેન્ડનો પ્રકાશન કાર્યનો ઇતિહાસ ખાસ લક્ષણ ધરાવે છે.

આજે જાણીતી પ્રકાશિત મુખ્ય ત્રણ શોધની સીરીઝનો આધાર છે. નામાંકિત લેખન શૈલી, કાગળ, અને છાપવું, ઉપરાંત એક નિર્ણાયક સામાજિક વિકાસ, દા.ત. લખવા વાંચવાનું વિસ્તારવું.

છાપવા માટે કોરેલા લાકડાના કે ધાતુના ટૂકડાથી છાપવાના અંદાજે ઈ.સ. 1400ના સમય પછી ખસેડી શકાય તેવા બીબા સાથે છાપવાની શોધ ખાસ કરીને જર્મન પ્રિન્ટર જહોન ગૂટન બર્ગે શોધી.

ગૂટનબર્ગની સિદ્ધિ ફક્ત એક જ શોધ નહિ સમગ્ર હુન્નરમાં સમાવિષ્ટ ખસેડી શકાય તેવા બીબા, શાહી, કાગળ અને છાપખાનું હતી, 50 વર્ષ કરતા ઓછામાં તે જર્મન મુદ્રકો મોટાભાગના યુરોપ, ઇંગ્લેન્ડની સાથે વિશાળ રીતે ફેલાયા. છાપખાનાનું યાંત્રિકીકરણ 19મી અને ત્યારપછી 20મી સદીમાં વધારે દૂર સુધી વિકાસ થયો. હંમેશા લેખન વાચનમાં વધતો ફેલાવો અને હંમેશા વધતું જતું શિક્ષણનું પ્રમાણ હાથમાં હાથ મીલાવતું જાય છે. છેલ્લે તે છાપેલા શબ્દોએ તેની સ્થિતિ પ્રભાવી બનાવતા મગજ ઉપર અને સમાજ ઉપર અસરકારક બન્યા.

1474 વિલિયમ કોક્ષટન એવા અંગ્રેજ હતા જેઓ 1474માં દેશમાં પ્રથમ વખત છાપકામ પ્રેસ શરૂ કર્યો હતો. અગાઉના છાપકામે રાષ્ટ્રીય ભાષા અને સાહિત્ય ઉપર ગહન અસર કરી હતી. 1709માં વિશ્વનો પ્રથમ ગ્રંથ સ્વામિત્વનો કાયદો ઇંગ્લેન્ડમાં પસાર થયો હતો. તેનો ઉદ્દેશ્ય ભણતર દ્વારા કબજા જે ગ્રંથસ્વામિત્વમાં લેખકને 21 વર્ષના સમય માટે પ્રોત્સાહિત કરવાનો હતો. કાયદો જેઓ પોતાનું જીવન લખવું, પુસ્તકો બહાર પાડવામાંથી બનાવ્યું છે તેવા નામાંકિત લેખકો, મુદ્રકો, પ્રકાશકો અને જે કોઈ સર્વ લોકો વાંચે છે તેમના રસનું રક્ષણ કરે છે.

ખાસ કરીને બીજા વિશ્વયુદ્ધ બાદ બુક ક્લબસ, પેપર બેકનું આગમન અને જાહેરાત અને વેચાણના ટપાલ હુકમનો નવા વિશાળ ફલકનો વિકાસ થઈ શકે તેમ હતો. બુક ક્લબ સભ્યોનો સંઘ હતો જે ખાસ કરીને દરેક મહિને પુસ્તકો ખરીદવાની જવાબદારી લે છે, તેમની પુસ્તક પસંદગી માટે જ્ઞાન ધરાવતા સભ્યોની સમિતિ હોય છે. તેનો ફાયદો એ છે કે પુસ્તક દુકાનમાંથી ખરીદે તેના કરતા ઘણી નીચી કિંમતે પૂરા પાડવામાં આવતા હતા છે. 1875માં ઇંગ્લેન્ડ ફરીથી પ્રથમ હતું કે જેણે સાહિત્યના એજન્ટની નિમણુંક કરી હતી. એજન્ટ લેખકોને ઘણી મદદ કરતા હતા, ખાસ કરીને જેઓ તેમનો ધંધો પોતે પ્રકાશકો સાથે સંતોષકારક રીતે કરી શકતા ન હતા.

## 1.4 પ્રારંભિક સાર્વજનિક ગ્રંથાલયો : (FOREUNNERS OF PUBLIC LIBRARIES)

વ્યક્તિગત ગ્રંથાલયો પરગણાના દેવળ ગ્રંથાલયો અને યાંત્રિકી સંસ્થાઓના ગ્રંથાલયો જેવાં કેટલાક સાર્વજનિક ગ્રંથાલયો હતા. પરંતુ આ ગ્રંથાલયો આર્થિક રીતે સંકટમાં આવતા ટકી ન શકયા અને લવાજમી ગ્રંથાલયોમાં તલદીલ થઈ ગયા.

### 1.4.1 વ્યક્તિગત ગ્રંથાલયો : (Personal Libraries)

કેટલાક વ્યક્તિગત ગ્રંથાલયો માલિક, તેમના કુટુંબના સભ્યો અને મિત્રોના ઉપયોગ માટે હતા. વ્યક્તિગત ગ્રંથાલયના ઉપભોક્તાનો આંક ઘણો નાનો હતો. કારણ કે અક્ષરજ્ઞાનનો દર ઘણો નીચો હતો, મોટા ભાગે પાદરીઓની મર્યાદામાં હતા.

મુદ્રિત પુસ્તકો મર્યાદિત સંખ્યામાં મળતા થયા સાર્વજનિક ગ્રંથાલયના વિકાસનો આ પ્રથમ તબક્કો હતો. કારણ કે તે સમયે મુદ્રણની પદ્ધતિઓમાં સુધારો અને સારી ગુણવત્તાવાળા કાગળો બજારમાં મળવા લાગ્યા, પુસ્તક મુદ્રણ અને પ્રકાશન પ્રયત્ન સાથે ધંધા બન્યા.

### 1.4.2 દેવળ ગ્રંથાલયો : (PARISH LIBRARIES)

કેટલાક અગ્રેસર આધુનિક સાર્વજનિક ગ્રંથાલય હતા. જેવા કે વ્યક્તિગત ગ્રંથાલયો, પેરિસ ગ્રંથાલયો, મિકેનિક્સ સંસ્થાના ગ્રંથાલયો પણ, આ ગ્રંથાલયો તેમના પોતાના સંકટમાંથી બચી શક્યા નહિ અંતે તેઓ લવાજમી ગ્રંથાલયોમાં તબદીલ થઇ ગયાં.આ ગ્રંથાલયના સાર્વજનિક ગ્રંથાલયનો બીજો વર્ગ છે. આ ગ્રંથાલયોને ગ્રંથાલય તરીકે ઓળખવામાં આવે છે કે જેઓ પાદરીઓ અને સંસારીઓ બંને માટે ખુલ્લા રહે છે. પુસ્તકો ખાસ કરીને ધાર્મિક, હતા પણ લોકપ્રિય કુદરતી આર્ટ્સ અને સાંયન્સ ઉપરાંત ઈતિહાસ, જીવનચરિત્ર અને પ્રવાસ વર્ણનના પણ હતા. કેટલાક પાદરી ગ્રંથાલયોને પરિક્રમણ એકમ ઉપરાંત નિવાસ સ્થાનોમાં નિયમિત આંતરે મોકલવાના પુસ્તકોની પેટીઓ હતી. (પ્રારંભિક આધુનિક બુક મોબાઈલ)

80ના મધ્યભાગમાં દેખાયેલા પરિક્રમણ ગ્રંથાલયો કે જેઓ ચોક્કસપણે નફો કરતાં સાહસો હતા. કોઈ પણ વ્યક્તિ આ ગ્રંથાલયોમાંથી ચોક્કસ સમય માટે ભાડેથી પુસ્તકો મેળવી શકતો હતો. આ ઉપરાંત કામદારો માટેના ગ્રંથાલયો હતા, તે ઉદ્યોગ શીખનાર ગ્રંથાલયો અને યંત્રશાસ્ત્ર સંસ્થાઓ તરીકે ઓળખાતો હતો.

### 1.4.3. સામાજિક અથવા લવાજમી ગ્રંથાલયો (Social or Subscription Libraries)

18મી સદીના અંતમાં જ્યારે માર્કેટમાં વધુ પુસ્તકો મળવા લાગ્યા ત્યારે પુસ્તકો ખરીદનારાઓને સાચું લાગ્યું કે પોતાના વ્યક્તિગત ઉપયોગ માટે પુસ્તકો ખરીદી વાંચવા તે કરતા લવાજમી અથવા સામાજિક ગ્રંથાલયો સ્થાપવાનું સસ્તુ છે. લોકોનું એક જૂથ સહકારથી ગ્રંથાલયોની સ્થાપના કરી પ્રવેશ ફી નક્કી કરી અને વાર્ષિક લવાજમ આપી અને પુસ્તકોની પરત આવવાના સલામતી માટે રોકડ રકમ જમા કરાવીને અથવા કોઈ કંપનીમાં શેર ખરીદતા હોય તેમ કરશે વિચારવા લાગ્યું. ગ્રંથાલયના સભ્યો વચ્ચે પુસ્તકોના ઉપયોગનો વિચાર હતો અને બહારનાઓની નજીવી ફી લેવી.

આવા પ્રકારના ગ્રંથાલયો ઉચ્ચ કક્ષાના ગણવામાં આવતા હતા અને અસમતાવાદી લાક્ષણિકતા ધરાવતા હતા, કારણ કે જેઓ તેની ફી ચૂકવવાની ક્ષમતા ધરાવતા હતા તેમના પુ સ્તકો તેનો ઉપયોગ મર્યાદિત હતો. આ પ્રકારના ગ્રંથાલયોને માટે સાર્વજનિક ગ્રંથાલય શબ્દ વાપરી ન શકાય (આજે આપણે જેને સમજી તેવા પ્રકારના ગ્રંથાલયનો ઉપયોગ) જે જે સભ્યો ફી ચૂકવવાના હતા તેમના પૂરતો મર્યાદિત છે.

સ્કેન્ડિનેવિયામાં ગ્રંથાલયો.

યુ.કે. અને યુ.એસ.એ. જેવા દેશોના આવ્યા પછી સ્કેન્ડિનેવિયા દેશમાં સાર્વજનિક ગ્રંથાલય સેવાઓના ઉપયોગના સંદર્ભમાં તેમની અવિધી સમાપ્ત થઈ.

19મી અને 20મી સદીમાં સ્કેન્ડિનેવિયામાં સાર્વજનિક ગ્રંથાલય સેવાઓમાં મોટી વૃદ્ધિ થવા પામેલ. સ્કેન્ડિનોવિયન સાર્વજનિક ગ્રંથાલયના વિશિષ્ટ લક્ષણ આ મુજબ છે :

1. એંગ્લો - અમેરિકન ગ્રંથાલયિત્વની મજબૂત અસર
2. સરકારી અધિનિયમ અને ઉત્તેજનનો લાંબો ઇતિહાસ
3. સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિનો વિકાસનો પાયો પ્રદેશ મધ્યસ્થ અથવા કાઉન્ટિ ગ્રંથાલયો ઉપર હતો.
4. વ્યાપક આંતર ગ્રંથાલય લેવડ દેવડ પદ્ધતિ
5. ગ્રંથાલયસેવા કચેરીનું નિર્માણ અને વૃદ્ધિ
6. કલ્પના શક્તિવાળા ઘણા નવા મકાનોનું બાંધકામ.
7. લેખકોને તેના પુસ્તકનો ગ્રંથાલયમાં ઉપયોગનો બદલો આપવો.
8. વિશિષ્ટ જૂથોને બહિર્ગત પ્રવૃત્તિઓ દ્વારા ગ્રંથાલય સેવાઓ પૂરી પાડવી.
9. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગોઠવવાની સમાવવાની તૈયારી રાખવી.

◆ **તમારી પ્રગતિ ચકાસો :** (Self Check Exercise)

1. ગ્રીક અને રોમન સમય દરમ્યાન કેવા પ્રકારની લેખન સામગ્રી ઉપલબ્ધ હતી ?
2. સાર્વજનક ગ્રંથાલયોના અગ્રેસરો કોણ હતા ?

નોંધ : (i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તરો લખો.

(ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તરો ચકાસો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 1.5 ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોનો ઉદ્ભવ અને વૃદ્ધિ (ORIGIN AND GROWTH OF PUBLIC LIBRARIES IN INDIA)

ભારતમાં સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિએ પશ્ચિમી અસરની પેદાશ છે. 1762થી 1947 સુધી અંદાજે 185 વર્ષો સુધી બ્રિટીશ હૂકમત ભારતમાં હતી. જેની અસર જોવા મળી છે. તેમ છતાં સાર્વજનિક ગ્રંથાલયના વિકાસની ઘટના બ્રિટન અને ભારત બંનેમાં એકસરખી હતી જો કે ભારતને એક ઘટનાથી બીજી ઘટના સુધી પહોંચવા લાંબી સફર કાપી હતી. દા.ત. 1850માં પ્રથમ ગ્રંથાલય કાયદો બ્રિટનમાં પસાર થયો હતો. જ્યારે ભારતમાં 1948માં પસાર થયો. આધુનિક સાર્વજનિક ગ્રંથાલયની વિભાવના બ્રિટનમાં 1850માં વિકાસ પામી જ્યારે ભારતમાં આ વિભાવના 1950 જ્યારે દિલ્હી સાર્વજનિક ગ્રંથાલયની સ્થાપના થઈ ત્યારે થયો. ભારત અને બ્રિટનમાં યુનિવર્સિટી ખાતે ગ્રંથાલય શિક્ષણની શરૂઆત લગભગ પ્રથમ વિશ્વયુદ્ધ (1914-18) દરમ્યાન એક જ સમયે થઈ હતી.

(1750)માં બ્રિટનમાં આધુનિક સાર્વજનિક ગ્રંથાલયોમાં લવાજમી ગ્રંથાલયો અગ્રેસર હતા. ભારતમાં તે (1850)માં હતા. લવાજમી ગ્રંથાલયોને સ્વતંત્રતા ચળવળમાં વેગ મળ્યો, એક અંદાજ પ્રમાણે સ્વતંત્રતા સમયે 1947ના મધ્યમાં ભારતમાં વધુમાં વધુ 50,000 લવાજમી ગ્રંથાલયો હતા, પણ તેમનું કદ નાનું હતું. આટલા વિશાળ પ્રમાણમાં સાર્વજનિક ગ્રંથાલયો અંગે કોઈ બીજો વિકાસશીલ દેશ અભિમાન લઈ શક્યો નહતો.

**પ્રથમ તબક્કો (1808-1900) (The first Phase(1808-1900) :**

ભારતના લોકો માટે ગ્રંથાલયોના વિકાસની ખૂબ સૂચક પ્રથમ તારીખ 1808 છે. તે વર્ષમાં કે મુંબઈના પ્રમુખે જે ગ્રથાલયો સહિત્ય ઉત્તેજન માટેના ફંડમાથી પ્રકાશિત થયેલ પુસ્તકોની નકલો આપવામાં આવતી હતી તેને નોધવાની દરખાસ્ત મૂકી.

19મી સદીના મધ્યભાગમાં પ્રમુખપદ ધરાવતા ત્રણેય શહેરો મુંબઈ, કલકત્તા અને મદ્રાસે પોતાના સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના ખાસ કરીને તે શહેરોમાં યુરોપિયનોના ઉત્સાહી ટેકાથી અને આત્મવિશ્વાસથી થઈ હતી. પશ્ચિમી શિક્ષણ પામેલ ભારતીયોએ એ વિચાર પસંદ કરી લીધો અને તેમના પોતાના લવાજમી ગ્રંથાલયો સ્થાપી દીધા. લવાજમી ગ્રંથાલયો ખુલ્યા ત્યારથી તેમના સભ્યો પૂરતા જ હતા કે જેઓ સલામતી અનામત એ ઉપરાંત વાર્ષિક લવાજમ આપી શકે. તો પણ તેઓ વાસ્તવિક સ્વરૂપે સાર્વજનિક ગ્રંથાલયો ન કહેવાયા. સાર્વજનિક ગ્રંથાલય માટે બે શરતો જરૂરી છે. પ્રથમ તે સર્વને માટે ખુલ્લા હોવા જોઈએ. દ્વિતીય તેણે તેની સેવાઓ વિના મૂલ્યે આપવાની તૈયારી બતાવવી જોઈએ. જે ગ્રંથાલય સાર્વજનિક નાણામાંથી છે તે વિના મૂલ્યે સેવાઓ આપવાની તૈયારી બતાવી શકે, ફક્ત જો તેમની સ્થાપના સાર્વજનિક નાણામાંથી સાર્વજનિક સત્તા મંડળના કાયદા અન્વયે થઈ હોય.

**બીજો તબક્કો (1900-1937) : The second Phase (1900-1937):**

`ભારતમાં સાર્વજનિક ગ્રંથાલય ચળવળના ઈતિહાસનો બીજો તબક્કો 1900-1937નો હતો. પ્રથમ તબક્કા દરમ્યાન રાજ્ય સરકાર ઘણી ઉત્સાહી હતી, જ્યારે બીજા તબક્કા દરમ્યાન બુદ્ધિમાનોએ સાર્વજનિક ગ્રંથાલયોનું કારણ પકડી લીધું. આ તબક્કો 1900માં શરૂ થયો જ્યારે કલકત્તા ગ્રંથાલય

જેનો પ્રારંભ ૧૮૩૨માં લવાજમી ગ્રંથાલય તરીકે થયો હતો. તેમાં તમામ લોકો માટે વાચનખંડ ખુલ્લો મૂકવામાં આવ્યો. લવાજમી ગ્રંથાલયની સ્થાપના 1832માં થઇ તમામ લોકો માટે ખુલ્લી મૂકાઈ. 1902માં કલકત્તા ગ્રંથાલય ભારતના ગવર્નર જનરલ લોર્ડ કર્ઝન દ્વારા લઈ લેવામાં આવ્યું અને ઇમ્પિરીયલ ગ્રંથાલય નામ રાખવામાં આવ્યું. પછીથી સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ, 1948માં સંસદના કાયદા અન્વયે, આ ગ્રંથાલયનું નામ રાષ્ટ્રીય ગ્રંથાલય રાખવામાં આવ્યું.

**વડોદરા ચળવળ (Baroda Movement) :**

અલબત્ત, આ સમયનું ગર્વ એ હતું, રાજાને શોભે એવી વડોદરા રાજ્યમાં ગ્રંથાલય ચળવળ રાજ્યના રાજ્યકર્તા શ્રી સયાજી રાવ ત્રીજાએ મધ્યસ્થ ગ્રંથાલય ગ્રામ ગ્રંથાલયો અને ફરતા ગ્રંથાલયો ધરાવતી સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ સ્થાપિત કરી દેશના બાકીના વિસ્તારમાં ગ્રંથાલય પદ્ધતિ માટે તે નમૂનારૂપ છે. પદ્ધતિના સંચાલન માટે, મહારાજા એ અમેરિકન ગ્રંથપાલ બોર્ડનને નિમ્યા હતા.

**ગ્રંથાલય શિક્ષણ (Library Education) :**

1906માં વડોદરામાં ભારતની પ્રથમ ગ્રંથાલયશાળા પણ મિ. બોર્ડને સ્થાપી કે જેમાં સમગ્ર ભારતના વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવતા હતા. વડોદરા ગ્રંથાલયશાળા ઘણા વર્ષો સુધી ચાલુ રહી. 1915માં બીજા અમેરિકન ગ્રંથપાલ મિ. અસાડોન ડિકિનસન, કે જે મેલ્વિલ ડ્યૂઈના સમકાલીન હતા, જેમણે બીજી ગ્રંથાલયશાળા પંજાબ વિશ્વવિદ્યાલય લાહોર (હાલમાં પાકિસ્તાનમાં) સ્થાપી.

આંધ્રમાં 1914માં પ્રથમ રાજ્ય ગ્રંથાલય સંઘની રચના થઈ. 1927માં બંગાલ અને 1933માં ભારતીય ગ્રંથાલય સંઘ (આઈએલએ)ની રચના થઈ. 1916માં ભારતમાં ગ્રંથાલય પરિચય પુસ્તિકા પ્રકાશન કરનાર પ્રથમ હતા, તેમના વિદ્યાર્થીઓ જેનો ઉપયોગ પાઠ્યપુસ્તક તરીકે કરતા હતા. 1935માં લાહોરથી પંજાબ ગ્રંથાલય સંઘ દ્વારા Modern Librarian શીર્ષકવાળુ સામયિક સૌ પ્રથમ પ્રકાશિત કરવામાં આવ્યું.

**ત્રીજો તબક્કો : (1937-1947) : (The Third Phase (1937-1947)) :**

ગ્રંથાલય ચળવળના ત્રીજા તબક્કાની શરૂઆત 1937માં થઈ કે જ્યારે ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ પક્ષ ઘણાં પ્રાંતોમાં સત્તા ઉપર આવ્યો. અગાઉના બંને તબક્કાનો આ તબક્કામાં ખરેખર સમન્વયનો થયો હતો. ચુંટાયેલી સરકાર લોકોની માંગણીઓ માટે ઘણી સંવેદનશીલ હતી. ગામડાઓની માંગણીઓથી 1937 થી 1942 દરમ્યાન રાજ્ય સરકારે શક્ય તેટલા 13000 હજાર ગ્રંથાલયો સ્થાપ્યા. આ ગ્રંથાલયો ભારતીય પુખ્ત વય શિક્ષણની ચળવળની ઉપજ હતી કે જેણે તે સમયે દેશને અસ્તિરતામાંથી બચાવ્યો.

આ સમયની મહત્ત્વની ઘટના પ્રો. એ. એ. ફૈઝીની અધ્યક્ષતામાં મુંબઈમાં (1939-40)ના ગ્રંથાલય વિકાસ સમિતિના હેવાલની હતી. તેણે પ્રાંતમાં સાર્વજનિક ગ્રંથાલયોની યોજના છ તબક્કામાં અમલમાં દરખાસ્ત કરી હતી, દરેક મહેસૂલી વિભાગ મધ્યસ્થ ગ્રંથાલય અને પ્રદેશ ગ્રંથાલય બનેલું હોય. યોજનાનો અંદાજીત કુલ ખર્ચ રૂ. 15 લાખ હતો, પણ પ્રાન્તીય સરકાર આ રકમ ફાજલ પાડી શકી નહીં.

**ચોથો તબક્કો (1947 થી આજ સુધી : (The fourth Phase (1947 to Date)**

15મી ઓગસ્ટ 1947થી ચોથો તબક્કો શરૂ થયો, કે જ્યારે ભારતે સ્વતંત્રતા પ્રાપ્ત કરી તેનો પ્રથમ માર્ગ સૂચકસ્તંભ 1948માં મદ્રાસ સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમ પસાર કર્યો, જે દેશના ઇતિહાસમાં આ પ્રકારનો પ્રથમ હતો. તેનો બીજો માર્ગસૂચકસ્તંભ દિલ્હી સાર્વજનિક ગ્રંથાલયની સ્થાપના હતી, જે યુનેસ્કો અને ભારત સરકારના સંયુક્ત પ્રયત્ને સાર્વજનિક ગ્રંથાલય યોજના હતી.

**દિલ્હી સાર્વજનિક ગ્રંથાલય : (Delhi Public Library) :**

1949માં યુનેસ્કોએ આધુનિક સાર્વજનિક ગ્રંથાલયને લોકો માટેનું અપેક્ષિત સાંસ્કૃતિક કેન્દ્ર બની રહે તે રીતે પ્રદર્શિત કરવા માટે સાર્વજનિક ગ્રંથાલયને પોતાની રીતે વિકસાવવા પ્રારંભિક પ્રકલ્પ હાથ ધરવાનું નક્કી કર્યું. આ પ્રકલ્પનો આધાર યુનેસ્કોના ઘોષણા પત્રમાં તેના સ્વરૂપ અને સેવાઓનો વ્યાપ વ્યાખ્યાયિત કર્યા મુજબ હતો. આ યોજના વિશ્વના તમામ વિકાસશીલ દેશોમાં યુનેસ્કોને આ પ્રકલ્પ પ્રસ્થાપિત કરવા કોઈપણ એક દેશને આમંત્રણ આપવા પ્રસારિત કરવામાં આવી. ભારત યુનેસ્કોને આમંત્રણ આપનાર પ્રથમ રાષ્ટ્ર હતું.

1948ના યુનેસ્કો ઘોષણાપત્ર સ્વીકાર્યા પ્રમાણે દિલ્હી સાર્વજનિક ગ્રંથાલયે તે પ્રમાણે વ્યવસ્થિત ગોઠવ્યું.

દિલ્હીમાં સાર્વજનિક ગ્રંથાલય દેશનું પ્રથમ સાર્વજનિક ગ્રંથાલય ગણાયું. જેણે યુનેસ્કો ઘોષણાપત્ર તમામ માનદંડનો અમલ કર્યો. ગ્રંથાલયની સાધનસામગ્રી અને સેવાઓના મુખ્ય લક્ષણો નીચે મુજબ છે.

1. કોઈપણ જાતના ભેદભાવ સિવાય ગ્રંથાલય તમામને માટે ખુલ્લું રહેશે.
2. તેની બધી જ સેવાઓ વિનામૂલ્યે આપવામાં આવશે.
3. જ્યાં સુધી શક્ય હશે ત્યાં સુધી સેવા લેવા આવનારે ઓળખ માટે જવાબદાર વ્યક્તિની ભલામણ મેળવવાની રહેશે, જેથી કોઈ રોકડ સલામતી અનામત ભરવી પડશે નહિ, તે સિવાય પરત મેળવી શકાય તેટલી ફક્ત રૂ. 20/-ની અનામત ભરવાની રહેશે.
4. તમામ પુસ્તકો ખુલ્લા રેક ઉપર જોઈ શકાશે.
5. ગ્રંથાલય સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે કાર્યો કરશે અને તેના સભ્યો સાંસ્કૃતિક જૂથમાં સંગઠિત થશે, જેવા કે સાહિત્ય જૂથ, નાટક જૂથ, આર્ટ્સ જૂથ, દરેક જૂથ તેના પોતાના પ્રમુખ સેક્રેટરી ચૂંટશે. બાળકો અને પુખ્ત વયના જુવાન માટે સરખી પ્રવૃત્તિઓ સંગઠિત થશે (વાર્તાકલાક સહિત)
6. શહેર આખામાં જુદા જુદા કેન્દ્રો ઉપર ઝડપી પુસ્તકવાન પુસ્તકો આપશે.
7. અંધજનો માટે બ્રેઈલ વિભાગ, બ્રેઈલ પુસ્તકો અને શ્રાવ્યના પુસ્તકો બહાર પાડશે અને વિના મૂલ્યે તેમના ઘરે પહોંચાડશે.
8. સંગીત કેસેટ અને ગ્રામોફોન રેકોર્ડ્ઝ વિનામૂલ્યે આપવામાં આવશે.
9. શહેર મધ્યસ્થ ગ્રંથાલય માળખાના એકમો રહેશે. વિભાગીય ગ્રંથાલયો, સામાજિક વિભાગો, અને સંયુક્ત માલિકીના કેન્દ્રો સમગ્ર શહેરમાં પથરાયેલા હશે.
10. ગ્રંથાલય એશિયાનું સૌથી વધુ વ્યસ્ત સાર્વજનિક ગ્રંથાલય કહેવાશે, જેની સભ્ય નોંધણી 1,00,000ની અને ઘરે પુસ્તકો આપવાનં દરરોજના 10,000 હશે.

1956માં યુનેસ્કો દ્વારા યુનેસ્કોની ખાસ સફળ યોજના તરીકે જાહેર મૂલ્યાંકન કરવામાં આવી. આજ વર્ષે સમગ્ર એશિયામાંથી આવેલા ગ્રંથાલયોના એશિયન સેમિનારનું આયોજન ગ્રંથાલયમાં થયું હતું, અને તેની સેવાઓ દર્શાવવામાં આવી હતી, યુનેસ્કોએ 'ધ દિલ્હી પબ્લિક લાયબ્રેરી' નામનું પુસ્તક પણ આ ગ્રંથાલય ઉપર પ્રસિદ્ધ કર્યું છે.

**ભારત સરકાર સહાયક સાર્વજનિક પ્રકલ્પો : (Central Government Aided Public Library Projects)**

ભારત સરકારના શિક્ષણ વિભાગે રાજ્ય સરકારને સાર્વજનિક ગ્રંથાલયો સ્થાપવા માટે 1952-53 અનુદાન આપવાનું શરૂ કર્યું. અને ત્યાર પછી આ વ્યવસ્થા પ્રથમ પંચવર્ષિય યોજના (1951-56)માં ભેળવી દઈ તેની નીચે રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયો, સમગ્ર જિલ્લામાં રહેઠાણવાળા વિસ્તારોમાં શાખા ગ્રંથાલયો સાથે જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલય સ્થાપવાની જોગવાઈ કરવામાં આવી. આશરે રૂા. 1 કરોડ આ ગ્રંથાલયોમાં વપરાયા હતા. જેમાંના બે દ્વિતિયાંશ રકમ 1952માં મધ્યસ્થ સરકાર તરફથી પૂરી પાડવામાં આવી હતી. ભારત સરકારે એક પ્રદેશના લોકોના વિકાસનો કાર્યક્રમ શરૂ કર્યો હતો. જેમાં સામાજિક શિક્ષણને મહત્ત્વની ભૂમિકા માટે નીમવામાં આવેલ અને તેણે ગ્રામ ગ્રંથાલયોને ઉત્તેજન આપ્યું.

1954માં કેન્દ્ર સરકારે ગ્રંથ પ્રાપ્તિનો કાયદો લાગુ કર્યો. જેમાં દરેક પ્રકાશકે પુસ્તકની એક નકલ દેશમાં આવેલ ચાર સાર્વજનિક ગ્રંથાલયોમાં જમા કરાવવી. 1956માં આ કાયદામાં સુધારો કરી વર્તમાનપત્રોને પણ સમાવવામાં આવ્યા. આ ચાર ગ્રંથાલયોમાં નેશનલ લાયબ્રેરી કલકત્તા; કેનમારા સાર્વજનિક ગ્રંથાલય, મદ્રાસ, સચિવાલય લાયબ્રેરી, મુંબઈ અને દિલ્હી પબ્લિક લાયબ્રેરી છે.

## 1.6 સ્વતંત્રતા પછી સાર્વજનિક ગ્રંથાલયોની વૃદ્ધિ : (GROWTH OF PUBLIC LIBRARY AFTER INDEPENDENCE)



ભારતીય સંવિધાન નીચે સાર્વજનિક ગ્રંથાલય સેવાઓ એ ફક્ત રાજ્યનો વિષય છે, અને કેન્દ્ર સરકાર તેની ઉપર કાયદો ન કરી શકે. શિક્ષણ એ સાથે ચાલતી યાદી ઉપર છે. તેનો અર્થ એ કે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર કાયદો કરી શકે પણ કેન્દ્ર કાયદો રાજ્યના કાયદાને આ વિષય ઉપર રદ કરી શકે.

વિશ્વભરમાં શહેરી અને ગ્રામ બંને વિસ્તારોમાં સાર્વજનિક ગ્રંથાલયસેવાની જોગવાઈ સ્થાનિક સરકારોમાં રહેલી છે. તેમ છતાં આ વૈશ્વિક આચરણમાં એક અપવાદરૂપ છે. આફ્રિકામાં અગાઉના બ્રિટિશ સમયગાળામાં સાર્વજનિક ગ્રંથાલય સેવા કાયદાકીય રાષ્ટ્રીય ગ્રંથાલય બોર્ડ દ્વારા અપાતી હતી. સ્થાનિક સરકારોને આ જવાબદારી સ્વીકારવી અનુકૂળ ન હતી.

1850માં તેમના પોતાના દેશમાં જે પ્રકારનો સાર્વજનિક ગ્રંથાલય કાયદો પસાર કર્યો હતો તેવો એક પણ કાયદો 185 વર્ષો દરમ્યાન કદાપી બ્રિટિશ શાસને ભારતમાં પસાર કર્યો ન હતો, અથવા તેણે દેશમાં સાર્વજનિક ગ્રંથાલય સેવાઓની સ્થિતિ ઉપર હેવાલ આપવા કોઈ સમિતિ કે કમિશનની નિમણૂંક પણ ન કરી હોય, તેને બદલે શહેરી અને ગ્રામ વિસ્તારો માટેના સાર્વજનિક ગ્રંથાલયોની જવાબદારી Local Self Goverment Act 1882ના કાયદા નીચે મૂક્યા, પણ તે તેમની ઉપર તેમ કરવા ફરજ ન પાડી શક્યા પરિણામે ભાગ્યેજ એક તૃતિયાંશ સાર્વજનિક ગ્રંથાલયને સ્થાનિક સરકારો સાધન સામગ્રી અને રસના અભાવે આપવાની સેવાઓ અલ્પમાત્રામાં આપી શકી ન તો પ્રજાએ પણ સેવા માટે માંગણી કરી.

1948માં જ્યારે મદ્રાસ સાર્વજનિક કાયદો રાજ્ય વિધાનસભા દ્વારા પસાર થયો ત્યારે ભારત પાસે કેટલાક વિકસીત દેશોના અનુભવ આધારિત વિકલ્પો મોજુદ હતા.

1959માં ભારત સરકારે દેશમાં સાર્વજનિક ગ્રંથાલયોની સ્થિતિ પર અહેવાલ રજૂ કરવા સમિતિની નિમણૂક કરી જે સ્વ. પી. કે. સિંહા, અધ્યક્ષ, સાર્વજનિક સૂચના, બિહારની અધ્યક્ષતામાં સિંહા સમિતિ તરીકે ઓળખાય છે. સમિતિએ પરિસ્થિતિ નિરાશજનક જોઈ. હયાત સાર્વજનિક ગ્રંથાલયો ખાબોચિયા જેવા, જાણે કે "પુસ્તકોનું સ્થિર તળાવ" જેવા હતા. 90 ટકા ઉપરાંત સાર્વજનિક ગ્રંથાલયો લવાજમી ગ્રંથાલયો હતા. અંદાજે તેની સંખ્યા 60,000 જેટલી હતી. તમામ ગ્રંથાલયોના સંસાધનો અલ્પ હતા. પણ ધ્યાન ખેંચે તેવું તે છે કે ભારતના મધ્યમવર્ગના સ્વૈચ્છિક પ્રયત્નથી વિશાળ સંખ્યામાં ગ્રંથાલયો સ્થાપ્યા હતા. વિકાસશીલ દેશોમાંનો બીજો કોઈ દેશ વિશાળ સંખ્યાના લવાજમી ગ્રંથાલયો અંગે ગર્વ લઇ શકે નહિ.

મદ્રાસ સાર્વજનિક ગ્રંથાલયધારો જે દેશમાં આ પ્રકારનો પ્રથમ ધારો હતો તે મુજબ અને શહેર કક્ષાએ સ્થાનિક ગ્રંથાલય સત્તા મંડળો સ્થાપવાની કાયદાકીય જોગવાઈ કરવા ભારતમાં કેન્દ્ર સરકારે પોતાના કારણોસર રાજ્ય સરકારોને મોકલી આપી.આવો મત પ્રવવર્તો હતો કે ભારતમાં રાજ્ય સરકારોનો વહીવટ નબળો હતો અને નાણાંની અછત હતી. બ્રિટન અને સ્વીડનનો અનુભવ પણ આ પ્રકારનો હતો. બંને દેશોએ કેટલીય સરકારોને સખતાઈપૂર્વક વ્યવહારુ બનવા જણાવેલ છે.

જ્યારે સ્થાનિક ગ્રંથાલય સત્તાઓને સ્થાનિક સરકારોના બંધારણીય દરજ્જાનો હક્ક ગ્રંથાલય કર વસૂલવાનો આપી શકાય નહિ,કર સ્થાનિક સરકારો દ્વારા એકઠો કરી સ્થાનિક ગ્રંથાલય સત્તાઓની સોંપી શકાય. સ્થાનિક સરકારો હંમેશા નાણાંની ખેંચમાં રહેતી હોવાથી એકઠો કરેલો ગ્રંથાલય કર તેમની અંદાજપત્રી ખેંચને પહોંચી વળવા ઉપયોગ કરે છે અને કર સ્થાનિક ગ્રંથાલય સત્તાઓને તબદીલ કરવામાં ઘણો વિલંબ કરે છે. આજે પણ લાખો રૂપિયા સ્થાનિક સરકારો પાસે બાકી છે.

વધુમાં સ્થાનિક ગ્રંથાલય સત્તાઓની રચના માટે ચૂંટણીનું તત્ત્વ દાખલ કરતાં તેની રચનામાં વિલંબનું કારણ મનાય છે. સાર્વજનિક ગ્રંથાલય સત્તાઓને વિકાસની યોજનાની તૈયારી કરવામાં ઘણા બધા દોષ કાઢી નિયમન કરી ફરજ નાખવામાં આવે છે. ખરેખર ક્રિયા શક્તિ હક્ક સાર્વજનિક ગ્રંથાલયોના અક્ષ્યક્ષ અને રાજ્ય સરકારનો છે. સ્થાનિક ગ્રંથાલય સત્તાઓ મુક્ત રીતે તેમની કામગીરી કરે તેવું કદાપી મંજુર નથી.

જીલ્લા મેજીસ્ટ્રેટ આરોપ મૂકી દુરઉપયોગ કરતા રોકવાના અધિકારથી ચૂંટાયેલા સ્થાનિક ગ્રંથાલય સત્તાઓના અધ્યક્ષ બદલી શકે. સ્થાનિક ગ્રંથાલય સત્તાઓના કર્મચારીઓને સરકારી કર્મચારી તરીકે જાહેર કરતાં સ્થાનિક ગ્રંથાલય સત્તાઓનો નાણાંકીય બોજો અતિશય વધવા પામેલ. તે પછી સ્થાનિક ગ્રંથાલય સત્તાઓમાં કામ કરતા કર્મચારીઓના પગાર આપવાની જવાબદારી રાજ્ય સરકારે ઉપાડી લીધી. કુલ ભંડોળના 85 ટકા ઉપરાંત કર્મચારીઓના પગારમાં જાય છે, પુસ્તકો અને પરચૂરણ વસ્તુઓ મેળવવા ઘણું નાનું ભંડોળ રહે છે. જે બાદ, સ્થાનિક ગ્રંથાલય સત્તાઓનો નાણાંકીય બોજો ઘટાડવામાં આવ્યો અને પુસ્તકો ખરીદવાના ઉપયોગ માટે કર ચાલુ કરવાનું મંજુર કરવામાં આવ્યું, પરંતુ, સ્થાનિક ગ્રંથાલય સત્તાઓને સરકારની મંજુર થયેલી યાદીના પુસ્તકો ખરીદવાના રહે છે. કેટલીક પ્રક્રિયામાં વાદવિવાદને કારણે પુસ્તકો વર્ષો સુધી ખરીદાતા નથી.

2002 સુધી, 26 રાજ્યોમાંથી ફક્ત 12માં સાર્વજનિક ગ્રંથાલયોનો કાયદો હતો, હરિયાણા અને મિઝોરમે કાયદો પસાર કરી તેનો અમલ કરવાની કોઈ ચિંતા કરી ન હતી. હરિયાણામાં સ્થાનિક સત્તાઓ ગ્રંથાલય કર વસુલવાની સત્તા આપવામાં આવી હતી, પણ 2002 સુધી, કોઈએ તેમ ન કર્યું. મિઝોરમમાં કોઈ કર વસુલવામાં આવતો ન હતો. મહારાષ્ટ્ર, વેસ્ટ બેંગાલ, મણિપુર, મિઝોરમ, ગુજરાત અને ઓરિસ્સાએ કોઈ કર નાખ્યો ન હતો, ફક્ત તામિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરળ, અને ગોવાએ ગ્રંથાલય કર મિલકત વેરા ઉપર વધઘટમાં કેરાળમાં 5 ટકા તામિલનાડુ અને આંધ્રપ્રદેશમાં 10 ટકા સુધી વસૂલતા. ગોવા દારૂ ઉપર લિટરે 50 પૈસા વસુલ કરે છે. વધારામાં તે આવશ્યક છે કે ઓછામાં ઓછુ 10 ટકા રાજ્યોના શિક્ષણ અંદાજપત્રના ગ્રંથાલયો પાછળ ખર્ચવા. આ આવશ્યક કાયદો કે કરારની કલમ કેરાલામાં અમલમાં છે.

બીજી પંચવર્ષીય યોજનાએ દેશ માટે સામાન્ય જનસમાજનું સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિનું માળખું દરેક રાજ્યના મુખ્ય શહેરમાં મધ્યમસ્થ ગ્રંથાલય, જીલ્લાના દરેક મુખ્ય મથકે જીલ્લા ગ્રંથાલય શહેરોમાં શાખાઓ અને વિભાગીય વિકાસ કક્ષાએ મધ્યસ્થ ગ્રંથાલય કે જ્યાં 90 થી 100 ગામડાઓ શાખાઓ સાથે દરેક ગામમાં છે.

કેન્દ્ર સરકાર આ ગ્રંથાલયોને ખર્ચના કેટલાક ટકા આપે છે. કમનસીબે, ત્રીજી પંચવર્ષિય યોજનાથી પદ્ધતિ નાબૂદ થઈ. રાજ્ય સરકારને ખર્ચનો હિસ્સો આપવાને બદલે પ્લાનિંગ કમિશને રાજ્યને ઉચ્ચક અનુદાન આપવાનું શરૂ કર્યું. પરિણામ સ્વરૂપે સાર્વજનિક ગ્રંથાલયોને આપવામાં આવેલો ફાળો કેટલીકવાર ખર્ચની વધારે દબાણ યુક્ત માંગણીમાં બીજી દિશામાં વળી જતું.

### બંધારણીય સુધારાઓ : (Constitutional Amendments)

ભારતીય બંધારણના બે સુધારાઓ 1992માં અસર પામ્યા. 73મો સુધારો પંચાયતો સંબંધિત અને 74મો મ્યુનિસીપાલિટીઓનો. 73માં સુધારામાં "ગ્રંથાલયોમાં" સાર્વજનિક ગ્રંથાલયો સમાવાયું કે જે પંચાયતોને બાબત નં. 20માં 11 યાદીમાં પંચાયતોમાં વહેંચી આપ્યું. પંચાયત પદ્ધતિ ત્રણ સ્તરવાળી હશે, નામાંકીત દરેક ગામ માટે ગામ પંચાયત અથવા ગામોનું જૂથ (ભારતમાં અંદાજે 1,20,000 પંચાયતો છે) વિભાગ અને પેટા જીલ્લા કક્ષાએ મધ્યસ્થી પંચાયતો કે જે સમિતિઓ કહેવાય છે અને જીલ્લા પંચાયતો, પરિષદ કહેવાય રાજ્ય સરકારને સત્તા છે કે તે નક્કી કર્યા પ્રમાણે કાં તો સાર્વજનિક ગ્રંથાલયો પંચાયતને અથવા સમિતિઓને અથવા પરિષદોને સોંપે. સમગ્ર દેશમાં જુદા જુદા રાજ્યોમાં જુદી જુદી પદ્ધતિઓ સમાયેલી છે અને તેમાં કોઈ એક સૂત્રીય પદ્ધતિ નથી.

અનુસૂચિ 12માં મ્યુનિસિપાલીટીઓમાં ચોક્કસ શબ્દ "ગ્રંથાલયો" જણાવ્યો નથી પણ (ક્રમાંક નં. 13માં) "સાંસ્કૃતિક શૈક્ષણિક અને સૌદયને પ્રોત્સાહન" સાંસ્કૃતિક માં હવે પછીના દિવસોમાં ગ્રંથાલયો ઉમેરાયા છે. પણ તે બધુ સરકારોના અર્થઘટનની બાબત છે. છેવટનો કોઈ આદર્શ બહાર આવશે એવી કોઈપણ અટકળ છે. પણ તે પ્રચલિત આદર્શને ખાતરી વગરનું નિર્માણ કરશે. પ્રશ્ન એ ઊભો થશે કે સ્થાનિક ગ્રંથાલય સત્તા મંડળો કે જીલ્લા અને શહેર કક્ષાના બેમાંથી કયા નાબૂદ કરવા અથવા રાખવા તામિલનાડુ સરકારે નક્કી કર્યું છે કે તેઓ ઉપર મુજબ કાર્ય ચાલુ રાખશે. બીજા રાજ્યોના નિર્ણયની રાહ જોવાય છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો :** (Self Check Exercise)

3. ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોનો ઉદ્ભવ અને વૃદ્ધિના વિવિધ તબક્કાઓ સમજાવો.

4. સ્વતંત્રતા બાદ સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસે અસાધારણ વિકાસનું સ્થાન લીધું છે. ચર્ચો.

નોંધ : (1) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

(2) એકમ અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 1.7 સારાંશ (SUMMARY)

આ એકમ ચર્ચા કરે છે કે ગ્રંથાલયોનો ઉદ્ભવ વૃદ્ધિ અને વિકાસ ખાસ કરીને સામાન્ય અને સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપનાની હકીકત છે કે સાર્વજનિક ગ્રંથાલય સામાજિક પરિવર્તનના સાધન તરીકે સેવા આપે છે.

પ્રાચીન સમયની શરૂઆતથી આજદિન સુધીના ગ્રંથાલયોની મૂલવણીના સ્પષ્ટ વર્ણનની ચર્ચા કરવામાં આવી છે. આ એકમ વિગતે વર્ણવે છે કે : (અ) પ્રાચીન સમયના ગ્રંથાલયો, (બ) સાર્વજનિક ગ્રંથાલયો અને સામાજિક પરિવર્તન, (ક) અગ્રેસર સાર્વજનિક ગ્રંથાલયો (ડ) ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોની વૃદ્ધિ અને વિકાસ ખાસ કરીને સ્વતંત્રતા, બાદ તેનું સાચી રીતે અવલોકન થયું છે કે જો ભારતે જ્ઞાનમાં સર્વોપરી થવું હશે તો દેશમાં ગ્રંથાલય સેવાઓ વિનામૂલ્યે મજબૂત બનાવવી પડશે, તો જ વાચનની ટેવને પ્રોત્સાહન મળશે અને સ્વશિક્ષણની પ્રક્રિયા અનૌપચાકિ રીતે જીવન પર્યંત બનશે. દેખીતી રીતે જ સાચી વાત છે કે જે દેશો વાંચશે તે દેશો દોરશે.

## 1.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (ANSWER TO SELF CHECK EXERCISES)

(1) અગ્રેસર સાર્વજનિક ગ્રંથાલયોમાં ખાનગી ગ્રંથાલયો, પેરીસ ગ્રંથાલયો અને લવાજમી ગ્રંથાલયો છે.

(2) ગ્રીક અને રોમન સમય દરમ્યાન પ્રવર્તમાન લખાણમાં ઉપલબ્ધ સામગ્રીમાં માટીની ઈંટો, પેપાઈરસ, ચર્મપત્ર અને ધાતુની તકતી, કાપડ અને પથ્થર ઉપર કોતરેલું વગેરે.

(3) ભારતના સાર્વજનિક ગ્રંથાલયોના ઉદ્ભવ અને વૃદ્ધિના વિવિધ તબક્કાઓ ચાર જૂથમાં વહેંચી શકાય (i) પ્રથમ તબક્કો (1908-1900)(ii)બીજો તબક્કો (1900-1973) (iii) ત્રીજો તબક્કો (1937 - 1947) અને ચોથો તબક્કો (1947થી આજદીન સુધી)

(4) દેશમાં સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસમાં કેટલાક અસાધારણ વિકાસે સ્થાન લીધું છે. જેમાં (અ) મદ્રાસ સાર્વજનિક ગ્રંથાલય કાયદો પસાર થયો. 1948, (બ) કે.પી. સિંહા સમિતિની મંજુરી 1959 (ક) રાજા રામમોહન રાય લાયબ્રેરી ફાઉન્ડેશનની સ્થાપના. (આરઆરઆરએલએફ)

## 1.9 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

**અસર્વસમતાવાદી (Unegalitarian)** : દરેક વ્યક્તિઓ માટે એક સરખા વળણના અભાવ સાથેના ધોરણો ધરાવવા.

**અસ્પષ્ટીકરણ (Skepticism)** : કોઈ પણ પ્રકારના સાચા જ્ઞાન વિશેના ખ્યાલોની અપ્રાપ્યતા.

**ચર્મ પત્ર (Parchment)** : પ્રાણીની ચામડી ખાસ કરીને ઘેટાં અને બકરાની કેળવીને તૈયાર કરી લખવાના પેઈન્ટીંગ અને પુસ્તક બાંધણી વગેરે ઉપયોગમાં લેવાય છે.

**દેખીતી રીતે સાચી વાત (Truism)** : જાતપુરાવો અથવા નિર્વિવાદ સત્ય

**પેપાઈરસ (Papyrus)** : પાતળા પદાર્થની ચાદર આકારનું પેપાઈરસ છોડના થડની છાલનો પાતળો પહોળો ટુકડો પાણીમાં પલાળી દબાવીને સૂકવી પ્રાચીન ઇજીપ્તવાસીઓ, ગ્રીક અને રોમનો લખવાના પદાર્થ તરીકે ઉપયોગ કરતા હતા તે.

**મોદી (Purveyor)** : એ વ્યક્તિ જે તૈયાર કરે છે.

## 1.10 સંદર્ભો અને વિશેષ વાચન (REFERENCES AND FURTHER READING)

Johnson, (1965). A History of Libraries in the Western World. New York: Scarecrow Press.

Inrwin Irwin, Ancient and Medieval Libraries. In Encyclopedia of Library and Information science ( A.Kent and H. Lancour(Eds),Vol.1,1968.

Mumford, William A.and Penny Rate(1951). Aspects of British Public Library History, (1850-1950), London : Library Association.

Shera Jesse H. (1965) Foundations of the Public Library : The Origins of the Public Library Movement in New England, (1629-1855), Metuchen,NJ : Shoestring Press.

Nelson Associates (1967) Public Libraries in the United States: Trends, Problems, and Recommendations: A Report Prepared for the National Advisory Commission on Libraries. New York: Nelson Associates.

Public Library Association (1966), Standards Committee, Minimum Standards for Public Library Systems. Chicago: ALA.

Sherill, L.L.( 1969). Library Service for the Unnerved, New York: Bowker.

Harrison K.C. (1969) Libraries in Scandinavia 2nd ed., London; Andre Deutsch.

Kalia D.R., {1990). Guidelines for Public Library Services and Systems, Calcutta: RRR Library Foundation.

Kalia, D.R. (1998). Public Libraries, In 50 Years: Library and Information Services in India, New Delhi: Shipra.